# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-03-2026 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## ક્રિકેટ :

ટી-20 ક્રિકેટ વિશ્વ કપનો આજે અમદાવાદમાં મહામૂકાબલો છે. અમદાવાદના વિશ્વના મોટા એવા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે સાંજે સાત વાગે ભારત અને ન્યુઝિલેંડ વચ્ચે ફાઇનલ મેચ શરૂ થશે. દેશની સાથેસાથે અમદાવાદનો માહોલ ક્રિકેટમય બની ગયો છે. ક્રિકેટ રસિયાઓમાં અનેરો ઉત્સાહ છે અને ભારતના વિજયની આશા સાથે ક્રિકેટ ફેન્સ સ્ટેડિયમ પહોંચ્યા છે.

-----------------------------------------------------------------------------------

## PGVCL મેગા ડીસ કનેક્શન ડ્રાઈવ :

પશ્ચિમ કચ્છમાં પીજીવીસીએલ તંત્ર દ્વારા જાન્યુઆરી માસથી શરૂ કરાયેલી વીજ બિલ વસૂલાતની મેગા ડ્રાઈવ હવે અંતિમ તબક્કામાં વધુ તેજ બની છે.

ગઈકાલે યોજાયેલી વિશેષ ડીસ કનેક્શન ડ્રાઈવમાં પશ્ચિમ કચ્છના વિવિધ વિસ્તારોમાં 85 ટીમોએ ધામા નાખ્યા હતા. પીજીવીસીએલના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ ડ્રાઈવમાં 85 ટીમોને 1947 વીજ ગ્રાહકો પાસેથી 2.59 કરોડની તોતિંગ વસુલાત માટે ટાસ્ક આપ્યો હતો.

આ કડક ઝુંબેશ દરમિયાન ટીમોએ સ્થળ પર જઈને 639 કનેક્શન કાપી નાખ્યા હતા, જેની વીજ બિલની રકમ અંદાજે ૭૫ લાખ રૂપિયા જેટલી થવા જાય છે.

-----------------------------------------------------------------------------------

## આંગણવાડી કેન્દ્ર રીનોવેશન :

રાપર તાલુકામાં આંગણવાડી કેન્દ્રોને વધુ સુવિધાસભર બનાવવા અને બાળકોના સર્વાંગી વિકાસ માટે વિશેષ ઝુંબેશ હાથ ધરાઈ છે.

આંગણવાડી કેન્દ્રોના રિનોવેશન અને રિપેરિંગ માટે જુદી જુદી યોજનાઓ હેઠળ કુલ 52 આંગણવાડી કેન્દ્રોને આયોજનમાં લેવામાં આવ્યા છે. આમાંથી અત્યાર સુધીમાં 13 આંગણવાડી કેન્દ્રોમાં કામગીરી પૂર્ણ કરવામાં આવી છે, જ્યારે 29 કેન્દ્રોમાં સુધારાની કામગીરી હાલ પ્રગતિમાં છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ કામગીરીઓ પૂર્ણ થતા રાપર તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં રહેતા નાના બાળકોને સુરક્ષિત, સ્વચ્છ અને પ્રેરણાદાયક વાતાવરણમાં શિક્ષણ અને પોષણની સુવિધા મળશે, જે તેમના ભવિષ્યને વધુ મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

---

## ડ્રગ ફ્રી ઇન્ડિયા સેમીનાર :

દેશના યુવાધનને નશાના દૂષણથી બચાવવા અને 'ડ્રગ ફ્રી ઈન્ડિયા'ના સંકલ્પને સાકાર કરવા ગાંધીધામ ચેમ્બર અને નેશનલ એકેડમી ઓફ કસ્ટમ દ્વારા સેમિનારનું આયોજન કરાયું હતું.

જીલ્લાનો દરિયાકાંઠાનો ઉપયોગ નશીલા પદાર્થો માટે ન થાય તે માટે પોલીસ અને સમાજે સાથે મળીને લડવું પડશે. નશાની પ્રવૃત્તિ અંગે ક્યાંય શંકાસ્પદ બાબત નજરે પડે તો તરત જ પોલીસને જાણ કરવાની અપીલ કરાઈ હતી.

---

## મુન્દ્રા તાલુકા પંચાયત સામાન્ય સભા :

મુન્દ્રા તાલુકા પંચયાત પ્રમુખ ના અધ્યક્ષ સ્થાને મુન્દ્રા તાલુકા પંચાયતની સામાન્ય સભા યોજાઈ હતી. સાડાઉ ગામ જર્જરિત માર્ગને 70 લાખના ખર્ચે સીસીરોડ બનાવવા મુન્દ્રા તાલુકા પંચાયતની અંતિમ સામાન્ય સભામાં નિર્ણય લેવાયો હતો. આ ઉપરાંત વર્ષ 2026-27 માટે 19 કરોસ 11 લાખ 3733 રૂપિયાના અંદાજપત્રને સર્વાનુમતે બહાલી અપાઈ હતી.

સત્તાપક્ષ અને વિપક્ષે સાથે રહી પાંચ વર્ષની ટર્મ દરમ્યાન પ્રજાના દરેક પ્રશ્નો ઉકેલવાનો સનિષ્ઠ પ્રયાસ કર્યો હોવાની લાગણી સાથે શુભેચ્છાની આપલે કરી હતી.

---------------------------------------------------------------------------------------

## હોમગાર્ડ સેન્ટ્રલ ટ્રેનીંગ :

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના જરોદ ખાતે હોમગાર્ડ સેન્ટ્રલ ટ્રેનિંગ સેન્ટર ખાતે રાજ્ય બેઝિક તાલીમ કેમ્પમાંનું આયોજન કરાયું હતું.

આ તાલીમ કેમ્પ દરમિયાન જવાનોને ફિઝિકલ ટ્રેનિંગ, યોગા, સ્ક્વોડ ડ્રિલ, લાઠી ડ્રિલ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ વગેરે બાબતો અંગે તાલીમ અપાઈ હતી. જેમાં પશ્ચિમ કચ્છ જિલ્લાના ભુજ, કેરા, મુન્દ્રા, નખત્રાણા, નલિયા, દયાપર અને પાનધ્રો યુનિટના કુલ 35 જવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સમગ્ર રાજ્યના જિલ્લાઓ વચ્ચે યોજાયેલી સ્પર્ધામાં પશ્ચિમ કચ્છ હોમગાર્ડને સાંસ્કૃતિક કાર્યક્રમ અને બેસ્ટ લાઈન લે-આઉટમાં પ્રથમ નંબરની ટ્રોફી એનાયત કરાઈ હતી.,રાજ્ય કક્ષાએ બેસ્ટ કેડેટની યાદીમાં ભુજ યુનિટના સિકંદર કુંભારે તૃતીય ક્રમ મેળવી મેડલ અને પ્રમાણપત્ર મેળવ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## ભુજોડી ખાતે વિકાસકામોનું ખાતમુહુર્ત :

ભુજોડી ખાતે ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે અંજાર વિધાનસભા ક્ષેત્રના 3 કરોડના ખર્ચે વિવિધ 4 રસ્તાના વિકાસ કામોનું ખાતમૂહુર્ત કરાયું હતું. જેમાં રૂ.86.13 લાખના ખર્ચે ભુજોડી એપ્રોચ રોડ, રૂ.33.46 લાખના ખર્ચે લેર એપ્રોચ રોડ, રૂ .83.22 લાખના ખર્ચે પૈયા એપ્રોચ રોડ તથા રૂ. 95.89 લાખના ખર્ચે નાના બંદરા, મોટા બંદરા રોડનો સમાવેશ થાય છે.

---------------------------------------------------------------------------------------

## હવામાન :

જીલ્લામાં ઉનાળાના વિધિવત પ્રારંભ સાથે જ ગરમીએ આકરો મિજાજ દેખાડવાનું શરૂ કર્યું છે. સમગ્ર રાજ્યમાં ભુજ શહેર સતત બીજા દિવસે સૌથી ગરમ શહેર તરીકે નોંધાયું છે.

ભુજમાં મહત્તમ તાપમાન 39 ડિગ્રી, નલિયામાં 32.4 ડિગ્રી, કંડલા પોર્ટ પર 35.5 ડિગ્રી અને કંડલા એરપોર્ટ વિસ્તારમાં 35.8 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. બપોરના સમયે રસ્તાઓ પર ટ્રાફિક ઓછો જોવા મળી રહ્યો છે અને લોકો ગરમીથી બચવા માટે ઠંડા પીણાનો આશરો લઈ રહ્યા છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, આવતીકાલે અને 10માર્ચના રોજ ગરમીના પ્રમાણમાં હજુ વધારો થવાની સંભાવના છે.

---------------------------------------------------------------------------------------